


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-15 ■ તા. 08-04-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### આજે મુખ્યમંત્રી રૂપાણી આણંદના મહિસાગરમાં દેશના સૌથી મોટા વૉટરપાર્કનું ઉદ્ઘાટન કરશે

## જનતાને પાણીના કરકસરની સૂફીયાણી સલાહ અને મુખ્યમંત્રીના વોટર પાર્કમાં ધુબાકા!!?

ગાંધીનગર,

ભાજપ સરકારે નર્મદાનું પાણી વેડફી નાંખ્યા બાદ લોકોને પાણીની ભારે તંગી છે સાચવીને વાપરવા અને ખેડૂતોને પાણી નહિ મળે એવો આદેશ આપી લાખો ખેડૂતોને ખેતીવાગરના કરીને હવે મુખ્યમંત્રી ૮ એપ્રિલના રોજ ભારતના સૌથી મોટા વૉરપાર્કનું ઉદ્ઘાટન કરીને છબછબિયાં કરીને તરસ્યા લોકોના ઘા ઉપર ટાટા નમક છાંટવાનું શરમજનક કામ કરવા જય રહયા છે. એટલું જ નહિ આણંદ જિલ્લામાં જે એન્જોય સિટી વોટર પાર્કનું ઉદ્ઘાટન કરવાના છે તેની જમીનને લઈને કોઈ વિવાદ પણ સર્જાયો છે.

ગુજરાતમાં કચ્છ અને બનાસકાંઠા સહીત કેટલાય ગામોમાં પીવાના પાણીની જબરજસ્ત તંગી છે. લોકોને ગંદુ પાણી પીવાની ફરજ પડી રહી છે. લોકોને પાણીની કારકસરની સૂફીયાણી સલાહ આપનાર મુખ્યમંત્રી વિજય રૂપાણી ૮ એપ્રિલના રોજ ભારતના સૌથી મોટા વોટર પાર્કમાં ધુબાકા મારવા જશે. ધી એન્જોય સીટી કંપનીએ આપેલી જાહેરાતમાં રૂપાણીનો ફોટો છાપીને જાહેર કર્યું છે કે સીએમ ૮મીએ આ વોટરપાર્કનું ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન વખતે લાઈવ કોન્સરટ પણ યોજાશે. પાણીની કરકસર ગણાવી સરકારે હોળીમાં ક્લબોમાં રેન ડાન્સ બંધ રખાવ્યો હતો. સ્વીમીંગ પૂલ બંધ કરાવ્યા છે. ત્યારે રાજયના ખુદ સીએમ જ ભારતના સૌથી મોટા વોટરપાર્ક નું ઉદ્ઘાટન કરશે ત્યારે તેમાં પાણી ક્યાંથી આવશે, કેટલું પાણી વેડફાશે અને એક તરફ લોકો એક એક ડોલ પાણી માટે ભટકી રહયા હોય ત્યારે આવા તાયફા સીએમને શોભે ખરા એવો પણ એક પ્રશ્ન ભાજપમાં ચર્ચાઈ રહ્યો છે.

સરકાર અને મ્યુનિસિપલ સત્તાવાળાઓએ ખાનગી બોરમાંથી પાણી લેવા આયોજન કર્યું છે ત્યારે ભારતના સૌથી મોટા વોટરપાર્કમાં લાખો લીટર પાણીનો જથ્થો બોરમાંથી લાવવામાં આવ્યો હશે તો આ વોટરપાર્ક ના કેટલા બોર છે અને તેનો ઉપયોગ પ્રજામાટે કેન ના કરાયો તેવી પણ કાનફૂસી થઇ રહી છે. પોતાને સંવેદનશીલ સરકાર ગણાવનાર મુખ્યમંત્રી પાણી ના મુદ્દે બિનસંવેદનશીલ બન્યા હોવાની છાપ પડી રહી છે. અખબારોમાં રોજેરોજ પાણી માટે વલખા મારતી બહેનોના ફોટા જોઈને પણ સરકારને એમ નથી લાગતું કે આવા ઉદ્ઘાટનમાં કેમ કરીને જવાય. ખેડૂતોને પોલીસના ડંડા ખાવા પડે છે ખેતી માટે પાણી મેળવવા અને વોટરપાર્કના ઉદ્ઘાટનમાં જવું એ લાખો ખેડૂતોના ઘા ઉપર મીઠું ભભરાવા સમાન છે.

એન્જોય સિટી વોટરપાર્કનો દાવો છે કે તે દેશનો સૌથી વિશાળ વોટરપાર્ક છે, જેનો સરળ અર્થ પણ તેવો છે કે વિપુલ માત્રામાં પાણીની ખપત પણ થશે, આણંદના મહિસાગરના કિનારે થનાર વોટર પાર્ક માટે પાણીનો સ્ત્રોત મહી નદી હશે અથવા બોર દ્વારા વોટરપાર્ક ભરવામાં આવશે, એક તરફ રાજયના હજારો ગામડાઓને પીવાનું પાણી નથી, ત્યારે આણંદના વિશાળ વોટરપાર્કમાં મોજમસ્તી માટે પાણીનો વેડફાટ થશે.

ભાજપની અંદર જ સીએમ સામે આ મુદ્દે નારાજગી ચાલી રહી હોવાનું પણ મનાઈ રહ્યું છે. આ કાર્યક્રમ માટેના મોટા હોર્ડીંગ સમગ્ર આણંદ શહેરમાં લાગી ગયા છે, પરંતુ એક પણ ભાજપી નેતાને તેની શરમ આવતી નથી અને કોઈ ભાજપી નેતામાં મુખ્યંત્રી વિજય રૂપાણીને હિંમત કરી કહ્યું નથી કે તમે વોટર પાર્કના ઉદ્દઘાટનમાં આવશો તો આપણુ ભુંડુ લાગશે. આખા રાજયમાં પાણી સત્તાવાર તંગી અને એક જણ ભારતનો સૌથી મોટો વોટર બનાવીને વળી તેના ઉદ્ઘાટન માટે સીએમ ને બોલાવે અને સીએમ હાં પણ પાડે અને તેની પ્રસિદ્ધિ પણ થાય તે માટે વોટરપાર્કના માલિકને ધન્યવાદ આપવા જોઈએ કે તેઓ આ સરકાર અને આ સીએમને બરાબર ઓળખી ગયા લાગે છે. આ વોટરપાર્ક આણંદ જિલ્લામાં માહિસાગરના કિનારે વાલવોડ ખાતે ભાદરણ અને બોરસાદની વચ્ચે બનાવાયો છે.૮મીએ બપોરે ૩ વાગે ભાજપના સીએમ અને કાર્યકરો લોકોના ઘા ઉપર મીઠું નાંખવાનું કામ કરશે એવી પણ એક લાગણી હાથમાં ખાલી માટલું લઈને કોઈ મહિલા બોલે તો તેમાં જરાયે ખોટું નહિ ગણાય.



નહેરૂબ્રિજ ચાર રસ્તાથી ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સુધી ગેરકાયદે બાધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

### ચકચારી કેસના મામલામાં સુનાવણી પરિપૂર્ણ

## આસારામ બળાત્કાર કેસમાં ૨૫મી એપ્રિલે ચુકાદો જાહેર

### વર્ષ ૨૦૧૩માં આસારામ પર રેપનો આક્ષેપ કરાયો હતો

જોધપુર,

જોધપુર સેંટ્રલ જેલમાં છેલ્લા પાંચ વર્ષથી હવા ખાઈ રહેલા રેપના આરોપી આસારામના મામલામાં સુનાવણી પૂર્ણ કરી લેવામાં આવી છે. એસસી-એસટી કોર્ટ ૨૫મી એપ્રિના દિવસે આ કેસમાં ચુકાદો આપનાર છે. આ મામલો ઉત્તર પ્રદેશના શાહજહાપુરમાં રહેતી પિડિતા સાથે સંબંધિત છે. વર્ષ ૨૦૧૩માં શાહજહાપુરની ૧૬ વર્ષીય યુવતીએ આસારામ પર તેમના જોધપુર આશ્રમમાં બળાત્કાર ગુજારવાનો આક્ષેપ કર્યો હતો. દિલ્હીના કમલા માર્કેટ પોલીસ સ્ટેશનમાં આ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ જોધપુર ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૨૮મી ઓગસ્ટના દિવસે રેપના આ મામલામાં કોર્ટ કાર્યવાહીમાં વિલંબને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે મામલાની સુનાવણીમાં વિલંબ થવાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, બિનજરૂરી વિલંબ થઈ રહ્યો છે. સાક્ષીઓ ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. હુમલાના કારણે બે સાક્ષીઓના મોત પણ થઈ ચુક્યા છે. તમામ લોકો જાણે છે કે જોધપુર પોલીસે ૩૧મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે આસારામની ધરપકડ કરી હતી. ત્યારબાદથી આસારામ જેલની હવા ખાઈ રહ્યા છે. હવે ૨૫મી એપ્રિલના દિવસે કોર્ટમાં ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. શાહજહાપુરની પિડિતાના મામલામાં ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે. પિડિતાના પરિવારના સભ્યોએ આક્ષેપ કરતા કહ્યું છે કે, આસારામના સમર્થકો દ્વારા તેમને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. ધાકધમકી આપવામાં પણ આવી રહી છે. આ ઉપરાંત મામલામાં બે સાક્ષીઓની હત્યા પણ કરવામાં આવી ચુકી છે. પિડિતાના પરિવારને પોલીસ તરફથી સુરક્ષા પણ ઉપલબ્ધ કરવામાં આવી ચુકી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને ગુજરાતમાં નોંધાયેલા મામલામાં આસારામને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. સુરતમાં બે બહેનોએ આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈ પર બાનમાં પકડી રાખીને બળાત્કાર ગુજરવાનો આક્ષેપ કર્યો હતો. નારાયણ સાંઈ પણ હાલ જેલમાં છે. આસારામ અને નારાયણ સાંઈ બંન્ને પર સંકજો મજબુત કરવામાં આવ્યો છે. અગામી દિવસોમાં ચુકાદો આવનાર છે ત્યારે તમામની નજર ચુકાદા પર કેન્દ્રીય થઈ ગઈ છે. ખાસ કરીને આસારામના સમર્થકો ચુકાદાને લઈને ઉત્સુક દેખાઈ રહ્યા છે. જોકે આસારામને જામીન મળશે કેમ તેને લઈને ભારત સસ્પેન્સ છે.

## શહેરમાં ચાર બંધ મકાનોમાંથી ચોરી થતાં નાગરિકોમાં ફફડાટ

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં તસ્કરો અને લુંટારુઓનો આંતક દિવસેને દિવસે વધી ગયો છે શહેરના કષ્ણનગર અને નારણપુરા વિસ્તારમાં ઘરફોડ કરતી ટોળકીએ ત્રાટકીને ચાર સ્થળોએ ચોરી કરતા સ્થાનિક નાગરિકો ફફડી ઉઠયા છે પોલીસે આ અંગે ફરિયાદો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર ઠક્કરનગર રાજીવીર સોસાયટીની બાજુમાં ગણેશનગરમાં રહેતા મોતીરામ વાઘેલાએ કષ્ણનગર પોલીસ સ્ટેઠશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ પરિવાર સાથે બહાર ગયા હતા ત્યારે તસ્કરોએ તેમના ઘરના દરવાજાનો નકુચો તોડી ઘરમાંથી સોના ચાંદીના દાગીના રોકડ રકમ મળી કુલ રૂપિયા ૯૨૦૦૦ હજારના મુદ્દામાલની ચોરી કરી છે મોતીરામની ફરિયાદના આધારે કૃષ્ણનગરના પોલીસ ઈન્સ્પેકટર એન.પી.મારૂએ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. કષ્ણનગરમાં બીજો એક બનાવ પાર્શ્વનાથ ટાઉનશીપમાં બન્યો હતો ટાઉનશીપમાં રહેતા મુકેશસિંગ તોમરે ફરિયાદ નોંધાવી છે કે તેઓ બે દિવસ પરિવાર સાથે બહારગામ ગયા હતા ત્યારે તસ્કરોએ ઝાળીનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી સોના- ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂા.૫૮ હજારથી વધુનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા છે આ અંગે કષ્ણનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. શહેરના નારણપુરા વિસ્તારમાં પણ ચોરીના બે બનાવો બન્યા છે જેમાં વર્ધાન ટાવર પાસે આવેલી જીવન સાધના સોસાયટીમાં રહેતા અરવિંદકુમાર તિવારીએ ફરિયાદ નોંધાવી છે કે તેઓ પરિવારજનો સાથે દિવસ દરમિયાન ઘરની બહાર ગયા હતા ત્યારે તસ્કરોએ તાળુ તોડી ઘરમાંથી લેપટોપ સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂા.૭૮ હજાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા છે. જયારે અન્ય એક બનાવમાં નારણપુરા શાસ્ત્રીનગર પાસે આવેલા હેપી હોમ એપાર્ટમેન્ટમાં રહેતા વિપુલભાઈ રાવલ ઘરને તાળુ મારી બહાર ગયા હતા ત્યારે તસ્કરોએ ઘરમાંથી લેપટોપ, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી રૂા.૩૭ હજારના મુદ્દામાલની ચોરી કરી હતી આ બંને ઘટનામાં નારણપુરા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## એસટીના ટેન્ડરમાં બોગસ પ્રમાણપત્ર રજૂ કરનાર કંપની સામે ફરિયાદ

અમદાવાદ,

ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમની ૩૧ બસમાં અંદાજિત ૨૫ લાખ રૂપિયાનાં એલઈડી ડેસ્ટિનેશન બોર્ડ લગાવવા માટેના ટેન્ડરમાં એક કંપનીએ ઓટોમોટિવ રિસર્ચ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના ટેસ્ટ રિપોર્ટનું ખોટું પ્રમાણપત્ર રજૂ કરતાં મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. ખોટું પ્રમાણપત્ર રજૂ કરીને પેઢીએ નિગમ પાસેથી ટેન્ડર મેળવી લીધું હતું. મણિનગર વિસ્તારમાં આવેલ શ્રીકુંજ સોસાયટીમાં રહેતા અને ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમ (એસટી)માં ખરીદી નિયામક તરીકે ફરજ બજાવતા ગૌરાંગ શાહે નરોડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ કરી છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની મધ્યસ્થ કચેરી ખાતે બસ બોડી બાલ્ડિંગ માટે જરૂરી માલસામાનની ખરીદી માટે ઓનલાઇન ટેન્ડરની પ્રક્રિયા કરવામાં આવે છે. સ્લીપર કોચની ૩૧ બસના બાલ્ડિંગ વર્ક માટે એલઈડી ડેસ્ટિનેશન બોર્ડ તથા અન્ય ત્રણ પ્રકારની એલઈડી લાઇટની ખરીદી કરવા માટે તારીખ ૪ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ઓનલાઇન ટેન્ડર બહાર પડાયું હતું. ટેન્ડર ભરનાર કંપનીઓએ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૮ સુધી નિગમે નક્કી કરેલા પાંચ પ્રિક્વોલિફિકેશનના આધારભૂત પુરાવાઓ રજૂ કરી હાર્ડ કોપીમાં મોકલી આપવાના હતા. નિગમને દિલ્હીની અકાલ ટ્રેડિંગ, આરજી ઈક્વિપમેન્ટ, કેમિટો ઈન્ફોટેક, અમદાવાદની કરકરે અને આસ્પા ઓટો લેમ્પસ નામની પાંચ કંપનીઓનાં ટેન્ડર મળ્યાં હતાં. ટેન્ડરના દસ્તાવેજોની તપાસ બાદ આસ્પા ઓટો લેમ્પસ નિગમને ગેરલાયક ઠેરવાઈ હતી. સરખેજની કરકરે નામની કંપનીએ ઓટોમોટિવ રિસર્ચ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના ટેસ્ટ રિપોર્ટનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. ૨૧ ફેબ્રુઆરીના રોજ કરકરે કંપનીને અંદાજિત ૨૫ લાખ રૂપિયાનાં એલઈડી ડેસ્ટિનેશન બોર્ડનો ઓર્ડર અપાયો હતો. ઓટોમોટિવ રિસર્ચ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ નિગમને ઈ-મેઈલ કરીને કરકરે કંપનીને આવું કોઈ પ્રમાણપત્ર ઈશ્યૂ કર્યું નથી તેવો જવાબ આપ્યો હતો, જેના આધારે એસટી નિગમે ટેસ્ટ રિપોર્ટનું ખોટું પ્રમાણપત્ર રજૂ કરવા બદલ કરકરે કંપની વિરુદ્ધમાં નરોડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ કરી છે.

### જિલ્લા-તાલુકા કક્ષાના મતો અલગ પાડી સ્કુટીની પૂર્ણ

## બાર કાઉન્સીલની ચૂંટણીની ખરી મતગણતરી આજે શરૂ

### પ્રચાર કરી થાકી ગયેલા ઉમેદવારો પૈકીના કેટલાકે પહેલા દિવસે મતગણતરી સ્થળ ઉપર જવાનું ટાળ્યું છે : અહેવાલ

અમદાવાદ,

ગુજરાત બાર કાઉન્સીલની ૨૫ સભ્યો માટે યોજાયેલી અત્યંત પ્રતિષ્ઠાભરી અને રસાકસીભરી ચૂંટણીમાં હવે આજથી મતગણતરી શરૂ થવાની હતી પરંતુ આજે પહેલા દિવસે બાર કાઉન્સીલની ચૂંટણીમાં જિલ્લા-તાલુકા કક્ષાએ પડેલો મતો અલગ પાડી અને સ્કુટીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં રદ થયેલા મતો, કાયદેસર મતો અને ગેરકાયદેસર મતો પણ અલગ તારવવામાં આવ્યા હતા. આમ, મતગણતરીના પ્રથમ દિવસે સ્કુટીનીની પ્રક્રિયા પૂર્ણ થઇ હતી. બીજીબાજુ, બાર કાઉન્સીલની ચૂંટણીને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પ્રચાર કરીને થાકી ગયેલા ઉમેદવારો પૈકીના મોટાભાગના ઉમેદવારો પહેલા દિવસે હાઇકોર્ટ ઓડિટોરિયમ ખાતેના મતગણતરી સ્થળ પર જવાનું ટાળ્યું હતું. જો કે, આજે સ્કુટીની પૂર્ણ થઇ જતાં હવે આવતીકાલથી બાર કાઉન્સીલની ચૂંટણીની ખરી મતગણતરી શરૂ થશે, જેથી આવતીકાલથી ઉમેદવારોની ઉત્તેજના અને હૃદયના ધબકારા વધી જશે તે નક્કી છે. બાર કાઉન્સીલની ચૂંટણીના ઇતિહાસમાં મતગણતરી સૌપ્રથમવાર હાઇકોર્ટ ઓડિટોરિયમ ખાતે હાથ ધરાઇ રહી છે. જે લગભગ દસથી બાર દિવસ સુધી ચાલે તેવી શકયતા છે. ગુજરાત હાઇકોર્ટના ઓડિટોરિયમ ખાતે આવતીકાલથી સવારે ૯-૦૦થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી મતગણતરી હાથ ધરવામાં આવશે.આ મતગણતરીની સૌથી નોંધનીય અને વિશેષતા એ છે કે, બાર કાઉન્સીલની ચૂંટણીમાં રાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ પ્રેફરેન્શીયલ વોટીંગ સીસ્ટમ હોઇ અને તેની મતગણતરી અટપટી હોઇ મતગણતરી માટે ખાસ ગુજરાત યુનિવર્સિટીના સ્ટેટેસ્ટીક વિભાગના નિષ્ણાત પ્રોફેસરોની મદદ લેવામાં આવી છે. લગભગ ૩૩ જેટલા નિષ્ણાત તજજ્ઞો મતગણતરીની પ્રક્રિયા માટે ખાસ ફરજ પર તૈનાત કરાયા છે.

### ગેરેજ અને સર્વિસ સ્ટેશનો એએમસીના નિશાને

## પાણીનો વ્યય કરતા એકમો સામે હવે કડક કાર્યવાહી થશે

### અમદાવાદમાં ૧૯૯૪ જેટલી ગેરેજ અને સર્વિસ સ્ટેશન પર પાણીનો થાય છે વ્યય : એએમસી હાથ ધરશે કાર્યવાહી

અમદાવાદ,

અમદાવાદ સહિત રાજયમાં ઉનાળાના પ્રારંભે જ પાણીની તંગી સર્જાઈ છે ત્યારે હવે મોડે મોડે જાગેલુ તંત્ર પાણી બચાવવા આયોજનમાં લાગી ગયુ છે. અમદાવાદ કોર્પોરેશનની વોટર કમિટીની બેઠકમાં પાણીની પ્રશ્નની ચર્ચા થઈ હતી અને પાણીનો વ્યય કરતા એકમો પણ કાર્યવાહી કરવાની સુચના આપી દેવાઈ. અમદાવાદ કોર્પોરેશનની વોટર કમિટીની બેઠકમાં પાણીની સમસ્યા પર ચર્ચા કરવામાં આવી. પાણીનો વ્યય કરતા ગેરેજ અને સર્વિસ સ્ટેશનોની ઝોન પ્રમાણે યાદી તૈયાર કરવામાં આવી અને પાણીનો બગાડ કરતા એકમો સામે કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી. કોર્પોરેશને તૈયાર કરેલી યાદી મુજબ અમદાવાદ શહેરમાં ૧૯૬૪ જેટલા ગેરેજ અને સર્વિસ સ્ટેશન આવેલા છે. આ સર્વિસ સ્ટેશનમાંથી ઘણા સર્વિસ સ્ટેશનો પાણીનો બગાડ કરે છે. તો કેટલાકે તો ગેરકાયદેસર જોડાણ પણ લીધુ હોવાનુ સામે આવ્યુ છે. આવા એકમોને ત્રણ મહિના માટે બંધ કરાશે. સૌથી વધુ ગેરેજ અને સર્વિસ સ્ટેશનો પોશ વિસ્તારમાં એટલે કે પશ્ચિમ અને નવા પશ્ચિમ ઝોનમાં આવેલા છે. અમદાવાદને પ્રતિ દિન ૧૨૦૦ એમએલડી પાણીની જરુરિયાત છે. શાસક પક્ષના દાવા મુજબ ૧૨૦૦ એમએલડી પાણી આપવામાં આવે છે. તો વિપક્ષનો આક્ષેપ છે કે ૧૧૦૦ એમલએડી પાણી અપાય છે. આ ઉપરાંત રોજ ૪૦૦ ટેન્કર શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી આપવા ફેરા લગાવે છે.

## બાળકને અન્ય રસી આપી દેતા કમિશ્નરે બે નર્સને સસ્પેન્ડ કરી

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકામાં આરોગ્ય વિભાગની બે નર્સની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેમાં રસિકરણની કામગીરી દરમિયાન આ બંને સ્ટાફ નર્સ દ્વારા બાળકને જરૂરી વેકસીનને બદલે અન્ય વેકસીન આપી દેવામાં આવ્યું હતું. જો કે સદનસીબે વેકસીન લેનાર બાળકોને કોઈ સાઈડ ઈફેક્ટ થઈ ન હતી, પરંતુ કમિશ્નર બંછાનિધિ પાનીએ આ બાબતને ગંભીરતાપૂર્વક લીધી હતી અને રસિકરણની કામગીરી વખતે થયેલી આ ગંભીર ભૂલ બદલ આ બંને સ્ટાફ નર્સને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરી દેવામાં આવી હતી. આ અંગે જાણવા મળતી વિગત મુજબ મનપા દ્વારા નારાયણનગર આરોગ્ય કેન્દ્ર ખાતે ગત તા.૦૮/૦૩ના રોજ રસીકરણ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.



હિરામણી સ્કુલની બસમાં ત્રાગડ પાસે આગ ફાટી નીકળતા ઉત્તેજના ફેલાઈ ગઈ હતી.

# જુહાપુરામાં ગોળીબારની ઘટનામાં એક વ્યક્તિનું મોત

અમદાવાદ,

જુહાપુર વિસ્તાર આડેધડ ગોળીબારથી ધ્રુજી ઉઠયો હતો જેને કારણે સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઇ ગઇ હતી. સુત્રોના જણાવ્યા અનુસાર માથાભારે તત્વ શિવા મહાલિંગમએ ગોળીબાર કર્યા હતાં અને નાસીર કિટલી નામના વ્યક્તિનું મોત નિપજયુ હતું.શિવા મહાલિગમે સતત ધમધમતા જાહેર રસ્તા પર જાહેરમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ વેજલપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પહોંચી ગયો હતો અને આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

એ યાદ રહે કે આ પહેલા પણ શહેરના ફતેહવાડી કેનાલ પાસે ગોળીબાર વીથ હત્યાનો બનાવ બન્યો હતો. ફતેહવાડી કેનાલ પાસે આવેલા સાદીકા પાર્કમાં નાસુરીદ્દીન શેખ પર બે રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યા હતાં અને તેની હત્યા કરવામાં આવી હતી આ કેસમાં પણ આરોપીને પકડવામાં પોલીસને સફળતા મળી નથી આવી ઘટનાઓથી સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે અને સ્થાનિક નાગરિકો બેફામ બની રહેલા ગુનેગારોને ડામી દેવા માટે માંગ કરી રહ્યા છે.



ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થતાં જ પાટનગરની વનરાજીમાં વસતાં વિશાળ સંખ્યામાં પક્ષીઓની તરસ બુઝાવવા ગાંધીનગરમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા પક્ષી પરબનું વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગર ચૌધરી (આંજણા) સમાજ દ્વારા પાટનગરમાં વસતાં પક્ષીઓ માટે પક્ષીપ્રેમી પ્રજાજનોએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો. ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઇ ડી.ચૌધરી (પ્રમુખ ગ્રૂપ) જણાવ્યું હતું કે, સમાજના દાતાઓ દ્વારા રૂપિયા ૬૫ હજારની કિંમતના બે હજાર જેટલી પક્ષી પરબનું વિતરણ બીજા તબક્કામાં ઈન્ફોસીટી, રિલાયન્સ ચોકડી, કુડાસણ, પ્રમુખનગર-સરગાસણ તથા સેકટર- ૬ના શોપીંગ સેન્ટર ખાતે પાટનગરના ભાઇ-બહેનોને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ઉપપ્રમુખ શ્રી ભગુભાઇ ચૌધરી, પર્વ કોર્પોરેટર શ્રી શંકરભાઇ ચૌધરી, પૂર્વ પ્રમુખ શ્રી જીતુભાઇ ચૌધરી તથા સમાજના હોદ્દેદારોએ હાજરી આપી કૂંડા વિતરણ કર્યું હતું.

### ચાણકયપુરી વિસ્તારમાં બનેલા બનાવથી નારાજગી

# ઘરની બહાર રમતો માસૂમ કારની ટક્કરે કચડાઇ મર્યો

## ઘરની બહાર રમી રહ્યો હતો ત્યારે ગાડીની ટક્કરથી મોતને ભેટયો : મણિનગરમાં બીઆરટીએસ બસે વૃધ્ધને ઉડાવ્યા

અમદાવાદ,

શહેરના ચાણકયપુરી વિસ્તારમાં આવેલી ગાયત્રીપાર્ક સોસાયટીના એક મકાનની બહાર રમતાં દોઢ વર્ષના બાળકને આ જ સોસાયટીમાં રહેતાં સ્થાનિક રહીશની કારથી અનાયાસે ટક્કર વાગી જતાં ઘરની બહાર રમી રહેલાં માસૂમ બાળકનું કરૂણ મોત નીપજયું હતું. બનાવને પગલે સોસાયટીના રહીશો અને સ્થાનિક નાગરિકોમાં ભારે અરેરાટી અને શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. એ ડિવીઝન ટ્રાફિક પોલીસે આરોપી કારચાલક વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. અન્ય એક બનાવમાં શહેરના મણિનગર વિસ્તારમાં બેંકનું કામ પૂરું કરીને પરત ફરી રહેલા ૭૫ વર્ષીય શોભારામ લાલન પાંડેને બીઆરટીએસ બસે જોરદાર ટક્કર મારતાં વૃધ્ધ નાગરિકનું ગંભીર ઇજાઓ થવાના કારણે સારવાર દરમ્યાન મોત નીપજયું હતું. પોલીસે ફરાર બીઆરટીએસ ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ, શહેરના ચાણકયપુરી વિસ્તારમાં ભવનાથ સોસાયટીની બાજુમાં આવેલી ગાયત્રીપાર્ક સોસાયટીના બી-૩૩ નંબરના બંગલામાં રહેતા શ્યામસુંદર શર્માનો નાનો પુત્ર વિશાલ ચાણકયપુરી બ્રીજ નીચે પાનનો ગલ્લો ચલાવે છે. ગઇકાલે સાંજે ચાર વાગ્યે શ્યામસુંદર તેમના ઘરની બહાર બેઠા હતા ત્યારે તેમનો દોઢ વર્ષનો પૌત્ર ૠત્વિક ઘરની બહાર રમી રહ્યો હતો એ વખતે આ જ સોસાયટીમાં એ-૩૩ નંબરના બંગલામાં રહેતાં હરેશભાઇ ઓધવજી પઢિયાર તેમની ઈકો ગાડી લઈને નીકળ્યા હતા અને ગફલતથી અચાનક જ શ્યાસુંદર શર્માના ઘરની બહાર રમી રહેલા દોઢ વર્ષના તેમના પૌત્ર ૠત્વિકને કારની ટકકર વાગી ગઇ હતી, આ જીવલેણ અકસ્માતમાં માસૂમ ફુલ જેવા બાળકને પીઠ અને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં તેને હરેશભાઇની કારમાં જ તાત્કાલિક સારવાર માટે નજીકની સોલા સિવિલ હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જો કે, ત્યાં તેનું કરૂણ મોત નીપજયું હતું. બીજીબાજુ, હરેશભાઇ પઢિયાર કાર લઇ ત્યાંથી ફરાર થઇ ગયા હતા. દોઢ વર્ષના માસૂમ બાળકના મોતના સમાચારને પગલે સોસાયટીના રહીશો સહિત સ્થાનિકોમાં ભારે શોક અને અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. બીજીબાજુ, આરોપી કારચાલક હરેશ પઢિયાર વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં એ ડિવીઝન ટ્રાફિક પોલીસે આરોપી કારચાલકને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ જ પ્રકારના અકસ્માતના અન્ય એક બનાવમાં, શહેરના મણિનગર વિસ્તારમાં બેંકનું કામ પૂરું કરીને પરત ફરી રહેલા ૭૫ વર્ષીય શોભારામ લાલન પાંડેને બીઆરટીએસ બસે જોરદાર ટક્કર મારતાં વૃધ્ધ નાગરિકનું ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર દરમ્યાન મોત નીપજયું હતું. પોલીસે ફરાર બીઆરટીએસ ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

### અમદાવાદમાં પાણીની વિકટ બનતી સમસ્યા

# યોગ્ય આયોજનના અભાવે લોકો સામે નવી સમસ્યાઓ

## સ્માર્ટસીટીના બણગાં ફુકતાં અમ્યુકો સત્તાધીશો દોઢસોથી વધુ ટેન્કરો મારફતે લોકોને પાણી પહોંચાડવા મજબૂર છે

અમદાવાદ,

ઉનાળાની શરૂઆતમાં જ અમદાવાદ શહેરમાં પાણીની સમસ્યા અને તંગી અમ્યુકો તંત્ર માટે માથાના દુઃખાવા સમાન બની રહી. એકબાજુ, અમદાવાદમાં અત્યારથી જ ૨૦ ટકા પાણીકાપથી શહેરીજનો ત્રાહિમામ્ પોકારી રહ્યા છે તો બીજીબાજુ, કોર્પોરેશન સત્તાવાળાઓ દ્વારા આશરે દોઢસોથી વધુ ટેન્કરો મારફતે રોજના ૫૭૬થી વધુ ફેરા થકી પાણીની જરૂરિયાતવાળા વિસ્તારોમાં અને નગરજનોને પાણી પહોંચાડી રહ્યા છે. સૌથી ચોંકાવનારી અને નોંધનીય વાત એ છે કે, શહેરને સ્માર્ટસીટી બનાવવાના બણગાં ફુંકતા અમ્યુકો સત્તાધીશો દ્વારા શહેરમાં ૧૦૦ ટકા પીવાનું પાણી અને ૧૦૦ ગટરના નેટવર્કના ૨૦૧૦માં જાહેર કરાયેલા ગોલ્ડનગોલના લક્ષ્યાંકનો હજુ પરિપૂર્ણ કરી શકયા નથી. હજુ પણ શહેરના ૨૦થી ૩૦ ટકા વિસ્તારમાં ગટરલાઇનનું નેટવર્ક જ નથી. પાણીની તંગીને લઇ અને યોગ્ય નેટવર્કના અભાવે અમ્યુકો સત્તાવાળાઓને ભાડાના ટેન્કર મેળવવા મ્યુનિસિપલ તિજોરીમાંથી દર વર્ષે લાખો રૂપિયાનું આંધણ થઇ રહ્યું છે. શહેરના નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ, મકતમપુરા, દક્ષિણ ઝોનમાં વટવા, લાંભા, રામોલ-હાથીજણ સહિતના વોર્ડોમાં પાણીના નેટવર્કનો અભાવ પ્રવર્તી રહ્યો છે, તો બીજીબાજુ, શહેરના દાણીલીમડા, બહેરામપુરા, કાલુપુર, ખાડિયા સહિતના વોર્ડમાં દૂષિત અને ગંદા પાણીની સમસ્યા છેલ્લા ઘણા સમયથી નિરાકરણ થતી નથી, જેને લઇ આ વિસ્તારના રહીશો ત્રાહિમામ્ પોકારી ગયા છે. કેટલાક વિસ્તારોમાં તો, પીવાના પાણીની અને ગટરના પાણીની લાઇન ભળી જતાં અતિશય પ્રદૂષિત અને બિનઆરોગ્યપ્રદ પાણી આવવાની ફરિયાદ ગંભીર બની છે. તો વળી, શાહપુર સહિતના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં તો લોકોને સવારના સમયે પણ બે કલાક પણ પાણી પૂરતા પ્રેશરથી મળતું નથી. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે, શહેરના કેટલાક વિસ્તારો તો એવા છે કે, જયાં અમ્યુકો તંત્ર દ્વારા ટેન્કરથી પણ પાણી પહોંચાડાતું નથી અને આવા વિસ્તારોના લોકો જાતે જ ગાંઠના પૈસા ખર્ચી રોજના હજારથી પંદરસો રૂપિયાના ખર્ચે ટેન્કર મંગાવવા મજબૂર બન્યા છે. હજુ તો ઉનાળાની શરૂઆત છે ત્યાં જ અમ્યુકો સત્તાવાળાઓ દ્વારા દૈનિક ૧૨૦૦ એમએલડીનો પાણી પુરવઠો આપવાની જગ્યાએ ૧૦૫૦થી ૧૧૦૦ એમએલડી જ પાણીનો પુરવઠો આપી રહ્યા છે, એટલે કે, ૧૦૦થી ૧૫૦ એમએલડી પાણી ઓછું અપાઇ રહ્યું છે. તે જોતાં મે મહિનાની કાળઝાળ ગરમીમાં શહેરભરમાં પાણીની જોરદાર તંગી સર્જાય તેવા સાફ સંકેત મળી રહ્યા છે.

### મહિલા કોર્પોરેટર રાજશ્રીબહેન કેસરીની ધરપકડ

# પોલીસને બચકાં ભરવાના કેસમાં કોર્પોરેટર ઝડપાયા

## દલિત સમાજના ભારત બંધના એલાન દરમ્યાન મહિલા પીએસઆઇ અને કોન્સ્ટેબલને બચકાં ભર્યા હતા : રિપોર્ટ

અમદાવાદ,

દલિત સમાજ દ્વારા ભારત બંધના એલાન દરમ્યાન તાજેતરમાં શહેરના ચાંદખેડા વિસ્તારમાં દલિતો દ્વારા ઉગ્ર દેખાવો અને વિરોધ દરમ્યાન મહિલા પીએસઆઇ અને કોન્સ્ટેબલને બચકું ભરવાના આરોપમાં ચાંદખેડાના કોંગ્રસના મહિલા કોર્પોરેટર રાજશ્રી કેસરીની ધરપકડ કરવામાં આવતાં ભારે ચકચાર મચી ગઇ છે. એસસી-એસટી એકટમાં સુપ્રીમકોર્ટ દ્વારા કરાયેલા જરૂરી સુધારા અને ફેરફારના વિરોધમાં દેશભરના દલિત સમાજમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો અને તેના અનુસંધાનમાં તા.બીજી એપ્રિલના રોજ અપાયેલા ભારત બંધના એલાન વખતે અમદાવાદમાં થયેલા તોફાનોમાં આ ઘટના બની હતી. ચાંદખેડામાં દલિત સમાજના લોકો દ્વારા કરાયેલા વિરોધમાં મહિલાઓએ પણ આગળ પડતી ભૂમિકા ભજવી હતી, જેમાં સાત જેટલી મહિલાઓએ પોલીસને બચકાં ભરતા તેમને ૧૦૮માં સારવાર આપવી પડી હતી. ચકચારભર્યા આ પ્રકરણમાં કોંગ્રેસના મહિલા કોર્પોરેટર રાજશ્રી કેસરી સાથે તેમની માતાનું નામ પણ આ એફઆઈઆરમાં સામેલ હતું. તેમના પર મહિલા પોલીસ સબ-ઈન્સ્પેકટર પીએસ ચૌધરી પર હુમલો કરવાનો આરોપ છે. મહિલા કોર્પોરેટરે રાજશ્રી કેસરીએ પોતાને ડિટેઈન કરી રહેલા સબ-ઈન્સ્પેક્ટર અને બે મહિલા કોન્સ્ટેબલોને બચકાં ભર્યા હતાં. ભારત બંધ દરમિયાન ચાંદખેડામાં ચાલી રહેલા દેખાવો દરમિયાન આ ઘટના બની હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા એટ્રોસિટી એક્ટ અંગે કરાયેલી ટિપ્પણીના વિરોધમાં દલિત સંગઠનો દ્વારા તા.બીજી એપ્રિલે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જોકે, આ બંધ દરમિયાન યુપી, એમપી તેમજ રાજસ્થાન ઉપરાંત ગુજરાતમાં પણ વ્યાપક હિંસા ફાટી નીકળી હતી. અમદાવાદમાં દલિતોની વસ્તી ધરાવતા વિસ્તારોમાં મોટા પાયે તોફાનો થયા હતા, અને જાહેર મિલકતોને ભારે નુકસાન પહોંચાડાયું હતું. આ દરમિયાન પહેલી વાર તોફાનીઓ પોલીસને બચકાં ભરી નાસી છૂટ્યા હોવાની ઘટના પણ અમદાવાદમાં નોંધાઈ હતી. અમદાવાદના ચાંદખેડા સહિતના કેટલાક સ્થળોએ તોફાનોના લાભ લઈ છાકટા બનેલા તોફાનીઓ પોલીસને બચકાં ભરી ભાગી ગયા હતા. સારંગપુરમાં પણ પોલીસને બચકા ભરવામાં આવ્યા હોવાની ઘટના બની હતી. દુકાનોમાં લૂંટ કરી ભાગતા એક યુવકે પણ પોલીસને બચકું ભર્યું હતું. જેથી પોલીસે આ સમગ્ર ઘટનાઓની ગંભીર નોંધ લઈ આકરી કાર્યવાહી કરી હતી.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર

ફોન : +91-79-23238022

ફેક્સ : +91-79-23238022

મો. : +91- 9537656922

મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**

**બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.

(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

### તાપમાનમાં મોટા ભાગે નહીંવત ફેરફારની સ્થિતી

# વાદળછાયુ વાતાવરણ વચ્ચે ગરમીથી લોકોને રાહત થઇ

## સતત બીજી દિવસે પણ કંડલા એરપોર્ટ ખાતે સૌથી વધારે ગરમી નોંધાઈ ગઇ : અમદાવાદમાં પારો ૩૯ ડિગ્રી રહ્યો

અમદાવાદ,

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ગરમીનુ પ્રમાણ યથાવત રહ્યુ છે. આજે તાપમાનમાં નહીંવત ફેરફારની સ્થિતી જોવા મળી હતી. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઇને કોઇ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોને તીવ્ર તાપથી રાહત મળી હતી. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો માત્ર ૩૧ દિવસના ગાળામાં જ માર્ચ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૭૨૭, કમળાના ૧૯૬, ટાઈફોઈડના ૨૭૯ કેસ સપાટી ઉપર આવ્યા હતા. જ્યારે માર્ચ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૬ કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો માર્ચ મહિનાના ૩૧ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૯૯ કેસ આ મહિનામાં સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૯ કેસો નોંધાયા છે. આજે સૌથી વધારે ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટમાં થયો હતો. જ્યાં પારો ૪૧.૫ ડિગ્રી સુધી રહ્યો હતો. હિટવેવની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ જોરદારરીતે થઇ રહ્યો છે જેથી ચક્કર આવવાના, બેભાન થવાના, પેટમાં દુખાવો થવાના, બ્લડપ્રેશરના ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે. અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગરમીના લીધે જનજીવન પણ ખોરવાઈ ગયું છે. લોકો બપોરના ગાળામાં ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમ પવનો ફુંકાઈ રહ્યા છે. અલબત્ત સાંજે આંશિક રાહત જોવા મળી રહી છે.પવનોની ગતિ અને પદ્ધતિ બદલાઈ રહી છે.હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં કોઇ વધારે ફેરફાર થનાર નથી. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક રીતે ઘટીને ૩૯ ડિગ્રી રહ્યુ હતુ. એટલે કે ગઇકાલની તુલનામાં નહિવત ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. ગરમીના પ્રમાણમાં વધારો થતાં લોકો ગરમીનો અનુભવ જોરદાર રીતે કરી રહ્યા છે. હાલમાં વધારે સાવધાન રહેવાની જરૂર દેખાઇ રહી છે.

### આ પગલાંથી વાર્ષિક ૨૦ કરોડ રુપિયાની બચત થશે

# ગુજરાત એસટી નિગમનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, તમામ બસબોડી ઈનહાઉસ તૈયાર કરાશે

અમદાવાદ,

સરકારી નાણાંના યોગ્ય વપરાશની ચિંતા ભલા કયા ટેક્સપેયરને નથી હોતી, સરકારી નાણાંનો જનતાની સુખાકારીમાં પૂર્ણ ઉપયોગ થાય એવા નિર્ણયો થાય ત્યારે નોંધવું તો પડે. ગુજરાત એસટી નિગમના અધિકારીઓ-કર્મચારીઓના એક અલગ ઈનિશિએટિવથી લઇને પ્રવાસી જનતાને આગામી ટૂંક સમયમાં મોટો લાભ થવા જઇ રહ્યો છે. રોજિંદા ૧૯.૬૨ લાખ પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓને કુલ ૭૧૧૭ બસોના સંચાલન થકી એસટી નિગમ પરિવહન સેવા પૂરી પાડે છે. ત્યારે દર વર્ષે આશરે ૧૫૦૦ જેટલી બસ સમયમર્યાદા પૂર્ણ થઇ જતી હોય છે. જો તેની ઘટ પૂર્ણ ન કરાય તો જનતાને મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે. આવા સંજોગોમાં સરકાર વધુ ફંડ ફાળવે અને નવી બસો બહારથી મોંઘા ભાવે ખરીદી લેવામાં આવે છે. આની સામે એસટી નિગમનું પોતાનું ૧૨૦૦ બસબોડી બનાવી શકવાની ક્ષમતા ધરાવતું વર્કશોપ ચિંતા કરતું હતું અને વારંવાર રજૂઆતો થતી હતી કે બસબોડી બનાવવા માટે વર્કશોપનો પૂર્ણ ઉપયોગ કરવામાં આવે. સરકારી ગ્રાન્ટનો કરકસરથી ઉપયોગ કરવાના વિચાર સાથે અદ્યતન બસબોડી બનાવવા માટે શું થઇ શકે તેના સલાહસૂચનો માટે અધિકારીઓ અને કર્મચારીઓનું ઓપન હાઉસ યોજાયું. જાણવા મળ્યું કે એસટી નિગમ પાસે સ્કીલ્ડ કર્મચારીઓ છે જેમની ક્ષમતાનો ઉપયોગ કરી તમામ જરુરિયાતની બસોનું નિર્માણ વર્કશોપમાં થઇ શકે છે. એટલું જ નહીં બસબોડી ઉપરાંત સ્લીપર કોચ અને સેમી લક્ઝરી જેવી બસો પણ વર્કશોપમાં બનાવી શકાય તેમ છે. કર્મચારીઓનો ઉત્સાહ વધારતાં ઓપન હાઉસમાં નિર્ણય લેવાયો છે કે તમામ બસબોડી ઈનહાઉસ તૈયાર કરાશે. આગામી પગલાં તરીકે મધ્યસ્થ કાર્યાલયમાં એસેમ્બલી લાઇનોની સંખ્યા બમણી કરાઇ છે. કર્મચારીઓ, ભૂતપૂર્વ અધિકારીઓનો સહયોગ લઈને અદ્યતન મશીનરી અને ટુલ્સ સુસજ્જ કરાયાં છે, યોગ્ય મટિરિયલની ખરીદી થાય તેવાં તમામ પગલાં લેવાનું શરુ કરાયું છે. જેમાં એફએસએલ ટેસ્ટિંગ, સીઆઈઆરટી ઈન્સ્પેક્શન, સીએમવીઆર રોલઓવર અને અન્ય કામગીરી કરવામાં આવી છે.બસબોડી બિલ્ડિંગમાં આ સેન્ટરને પ્રોફિટ સેન્ટર બનાવવાના આ પગલાંથી નિગમને વાર્ષિક ૨૦ કરોડ રુપિયાની બચત થશે અને સારી ક્વોલિટીની બસોની સુવિધા આપી શકશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001